**ગીરગઢડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૦૪૦૯/૨૬ બી.એન.એસ.ક.૧૦૫,૨૮૧,૧૦૬(૧),૧૨૫(૧)(૨),૫૪ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ વિગેરે ના કામમાં આરોપીની જામીન અરજી લગત હુકમ :–**

**ફો.પ.અ.નં. ૭૦/૨૦૨૬.**

**(૧)** અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી દવારા હાલની આ અરજી ગીરગઢડા પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજી. નં. ૦૪૦૯/૨૬, બી.એન.એસ.કલમ–૧૦૫,૨૮૧,૧૦૬(૧),૧૨૫(૧)(૨),૫૪ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ વિગેરે મુજબના ગુનાના કામમાંથી બી.એન.એસ.એસ. કલમ–૪૮૦ અન્વયે જામીન ઉપરમુકતથવા માટે હાલની આ જામીન અરજી રજુ કરેલ છે.

**(૨)** અરજદાર/આરોપીના વિધ્વાન વ.શ્રી એસ.એસ.ઝવેરીનાઓની રજુઆત છે કે,અરજદાર/આરોપી સામે ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો આચરેલનથી. તેઓ તદ્દન નિર્દોષ છે. આરોપીઓ વિરૂઘ્ધ કોઈ પ્રથમદર્શનીય પુરાવો નથી. ગુન્હો ખોટી રીતે ઉભો કરવામા આવેલ છે. આરોપી રીઢા ગુન્હેગાર નથી અને લાંબો સમય જેલમા રાખવામા આવે તો તેઓના માનસ પર વિપરીત અસર પડે તેમહોયતથા એફ.આઈ.આર.મા અરજદાર/આરોપીનુ નામઠામ પણ નથી. અરજદાર/આરોપીનો ગુન્હામા કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ રોલપણ નથી. અંગત રાગદવેષ તથા મનદુઃખ રાખીને આરોપીને હાલના ગુન્હામા ખોટી રીતે સંડોવી દીધેલછે.અરજદાર/આરોપી કયાય નાસી ભાગી જાય તેમ ન હોય તથા નામ.કોર્ટ જે કોઈ પણ શરતો ફરમાવશે તે તમામશરતોનુ પાલન કરવા તૈયાર હોય તે તમામ સંજોગોમા જામીનમુકત કરવા નમ્ર અરજ છે. આ કામના ત.ક.અ.શ્રી દવારા હાલની અરજી મંજુર થવા બાબતે સખ્ત વાંધો હોવાની મૌખીક રજુઆતકરવામા આવેલ છે જે ઘ્યાને લેવામાં આવેલ છે.

**(૩)** ઉભયપક્ષની દલીલો ઘ્યાને લીધી. એફ.આઈ.આર.,પ્રોડકશન રીપોર્ટ તથા જામીન અરજી તથા અન્યતમામ સાધનિક કાગળો ઘ્યાને લીધા. હાલની અરજીના અરજદાર/ આરોપી વિરૂઘ્ધ એવો આક્ષેપ છે કે, બનાવના દિવસે મરણ જનાર ફરીયાદીના ભત્રીજા તથા અન્ય મરણ જનાર–સિરાજભાઈ મુસાભાઈ ઝાંખરા તેઓ બંન્ને ધોકડવા પેટ્રોલપંપ ઉપર પોતાની શીફટ પુરી કરી જસાધાર ગામ તરફ મો.સા. રજી.નં. જીજે–૧૮–સીએફ–૫૬૯૭ વાળી લઈ જતા હતા દરમ્યાન નગડીયા ગામ પાસે કોઈ અજાણ્યા ફોરવ્હીલ ચાલક દવારા પોતાની ફોરવ્હીલબેદરકારીપુર્વકઅને ગફલત ભરી રીતે ચલાવી મો.સા. સાથે અથડાવી ફોરવ્હીલ લઈ નાસી જઈ વાહન અકસ્માતના લીધે મયુરભાઈ ગોવિંદભાઈનુ ઘટનાસ્થળે જ મોત નિપજાવી તેમજ અન્ય મરણ જનાર–સીરાજભાઈ મુસાભાઈને ગંભીર ઈજા કરી સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય અને આમ હાલનો ગુન્હો સદર વાહન ચાલકે એટલે કે હાલની અરજીના આરોપી દવારા આચરેલાનુ અને ત્યારબાદ તપાસ દરમ્યાન એવી હકિકત ખુલવા પામેલ છે કે, બનાવ સ્થળે આવેલ આસુતોષ ફાર્મ હાઉસ પાસે સદર ફાર્મહાઉસની દેખરેખ કરનાર આરોપીએ સોખડા ગામેથી આવેલ મગનુ ચારોલુ ટે કટર ટ્રોલીમાં ભરીને આવેલ કાળુભાઈ શભાડને કહેલ કે, મગનુ ચારોલુ ગૌશાળાના પાછળના ગેટ પાસે ખાલી કરાવી અને મગના ચારોલનાનો ઢગલો રોડ ઉપર પડયો રહેવા દેતા બનાવના દિવસે મરણ જનાર બંન્ને ઈસમો ઉપરોકત

વાહન લઈ રાત્રીના આશરે આઠ સાડા આઠ વાગ્યે જસાધાર ગામે આવતા હતા તે વખતે આસુતોષ ફાર્મ હાઉસ પાસે પહોંચતા રોડ પર સદર મગના ચારોલાના ઢગલાના કારણે પોતાના હવાલાવાળી મો.સા. પરનો કાબુ ગુમાવી દેતા રોડ ઉપર મો.સા. સાથે પડી ગયેલ તે વખતે ઉપરોકત ફોરવ્હીલ ચાલક એટલે કે હાલની અરજીના અરજદાર/આરોપી હું ડાઈ એકસટર કાર રજી. નં. જીજે–૧૪–આઈસી–૧૦૦૮ વાળી ગાડી પુરઝડપે ચલાવી મરણ જનાર બંન્ને ઈસમો પર ચડાવી દઈ પોતાના હવાલાવાળી કાર લઈ નાસી ગયેલ હોવાનુ અને જેથી તપાસ દરમ્યાન સદર અકસ્માત રોડ પરના ચારાના ઢગલાના કારણે અકસ્માત થવાની અને મૃત્યુ થવાની પુરેપુરી સંભાવના હોવાનુ જાણવા છતા કોઈ પણ રીફલ ેકટર કે લાઈટ કે કોઈ આડશ કે ડાયવર્જન કર્યા વગર ચારાનો ઢગલો દુરથી દેખાય છતા કોઈપણ વ્યવસ્થા કર્યા વગર ચારાનો ઢગલો દુરથી દેખાય તેવી કોઈપણ વ્યવસ્થા કર્યા વગર આ કામના અન્ય આરોપીએ ચારો રોડ ઉપર ઉતારેલ હોય જેના કારણે હાલનો અકસ્માત થયેલ હોવાનુ અને બનાવ વખતે અકસ્માતમા સંડોવાયેલ વાહન હાલના આરોપી ચલાવતા હોય આમ હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.કલમ–બી.એન.એસ.કલમ–૧૦૫,૨૮૧,૧૦૬(૧),૧ ૨૫(૧)(૨),૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૭૭,૧૮૪ વિગેરે મુજબના ગુનાનો આરોપ છે. સદરહુ ં ગુનામાં સજાની જોગવાઈ આજીવન કેદ સુધીની અને દંડની છે અને સદરહુ ં ગુનો સેશન્સટ્રાયબલ પ્રકારનો ગુનો છે અને તેથી ઉપરોકત તમામ હકીકતે તથા ફરીયાદીની ફરીયાદ હકીકત, ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાને રાખી અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની વિવેકબુધ્ધિની સત્તા વાપરી અરજદાર/આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૪૮૦ અન્વયે જામીન ઉપર મુકત કરવા માટેની દલીલો માનવાપાત્ર જણાય આવતી નથી અને હાથ ઉપરના કેસમાં વિવેક બુધ્ધિની સત્તા વાપરવી ન્યાયોચિત જણાય આવતી ન હોય હાલની આ અરજી નામંજૂર કરવા પાત્ર ગણી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

ગીરગઢડા ફર્સ્ટ ગુ.ર.નં. ૦૪૦૯/૨૬બી.એન.એસ.કલમ–૧૦૫,૨૮૧,૧૦૬(૧),૧૨૫(૧)(૨),૫૪ તથા એમ.વી.એકટ કલમ–૧૩૫ વિગેરે મુજબના ગુન્હાના હાલની અરજીના આરોપી–સુરેશભાઈ રામભાઈ રાઠોડ, રહે. પીછડી ગામ, તા.જાફરાબાદ, જી. અમરેલીવાળાની હાલની આ જામીન અરજી રદ કરવાનો યાને કે નકારવાનો હુકમકરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ ૦૬ માહેઃ જુલાઈ, સનેઃ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

ગીરગઢડા.
તા.૦૬.૦૭.૨૦૨૬.

**(એચ.એમ.વૈશ્નવ)**
પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડિ.મેજી.ફ.ક.,
ગીરગઢડા.